# ગુજરાતે મને ખૂબ પ્રેમ આપ્યો : 'યાદગાર અનુભવો'માં હકીકતોનું બયાન કરતું પુસ્તક | પ્રકાશ ચૌહાણ 'જલાલ'

[**'યાદગાર અનુભવો' (આત્મકથનાત્મક લેખો)** : લેખક : ફાધર વર્ગીસ પૉલ, પ્રકાશક : રંગદ્વાર પ્રકાશન, યુનિવર્સિટી પ્લાઝા, વિજય ચાર રસ્તા, નવરંગપુરા, અમદાવાદ ૩૮૦ ૦૦૯, પ્ર.આ. ૨૦૦૬, પૃ. ૧૨+૩૧૯, કિં. રૂ. ૧૮૦]

''ગુજરાતમાં મને જીવનના અનેક ખાટામીઠા અનુભવો થયા છે. ગુજરાતે મને અઢળક પ્રેમ આપ્યો છે. ગુજરાતે મને એક લોકપ્રિય લેખક બનાવ્યો છે...'' એમ કહીને લેખક ફાધર વર્ગીસ પૉલે પોતાના અનુભવોનું એક દળદાર પુસ્તક ગુજરાતી વાચકના હાથમાં મૂક્યું છે. વાચક એમને જીવનપ્રેરક લેખોના લેખક તરીકે સુપેરે ઓળખે છે, કારણ કે ૨૪ જેટલાં પુસ્તકો તેમણે લખ્યાં છે. જાણીતા પ્રકાશનગૃહ રંગદ્વાર પ્રકાશનની મધ્યસ્થીથી આ ઈસુસંઘી સંન્યાસી લેખક 'યાદગાર અનુભવો' નામે પોતાના અનુભવોની અહીં નિખાલસ ગોઠડી માંડી રહ્યા છે. આંતરરાષ્ટ્રીય પત્રકાર હોવાથી વિશ્વના ૩૦થી વધારે દેશોમાં એમણે ભ્રમણ કર્યું છે; પરંતુ અહીં મુખ્યત્વે એમણે ગુજરાત રાજ્ય પર વધારે ભાર મૂક્યો છે. એટલે જ એમણે ગુજરાતની ભૂમિને પોતાની કર્મભૂમિ-પ્રેમભૂમિ ગણાવીને ગુજરાતનાં સૌને આ પુસ્તક અર્પણ કર્યું છે. પ્રેમ ને ક્ષમાને અંતરમાં પચાવીને બેઠેલા એક સંન્યાસીને કેવા ખાટામીઠા અનુભવો થયા હશે, ને એવી પળે એમણે કેવી સ્થિતપ્રજ્ઞતા અને કેવો સંયમ દાખવ્યાં હશે એ જાણવા-માણવા આ પુસ્તકમાંથી પસાર થવું જ પડે.

'પ્રેમને રસ્તે'થી 'જીવનસંગીત' જેવાં પ્રેરણાત્મક પુસ્તકોના લેખક ફાધર વર્ગીસે આ પુસ્તકમાં પોતે બાજુએ ખસી જઈને પોતાના અનુભવોને જ બોલવા દીધા છે, એ દૃષ્ટિએ એમનાં અન્ય પુસ્તકોથી આ પુસ્તક અલગ પડે છે. અલબત્ત, ઘણાખરા લેખોમાં એમણે લાઘવની રીત યથાવત જ રાખી છે. પ્રસિદ્ધ લેખક-પત્રકાર યશવન્ત મહેતાએ પ્રસ્તાવનામાં નોંધ્યા મુજબ, વિવિધ સંપ્રદાયોમાં ચાલતી 'વન-અપ-મેનશિપ' જેવું અહીં આ પુરોહિત લેખકની કલમમાંથી કશું ટપક્યું નથી, એ મુદ્દે જોતાં લેખક તટસ્થ રહીને સાંપ્રદાયિકતાથી પર રહ્યા જણાય છે. જોકે, 'મારા જીવનઘડતરનાં પરિબળો' (પૃ. ૨૫૭)માં ઈસુસંઘની વિગતે વાત આવે છે. તેમાં પણ ગુજરાતનાં ગુણગાન લેખક ચૂક્યા નથી. (પૃ. ૨૬૦) ઉપર નોંધે છે, ''આજે હું જે કંઈ છું તે માટે હું ગુજરાતની મારી સંન્યાસ સંસ્થા ઈસુસંઘ તથા અહીંના લોકોનો તથા ગુજરાતી ભાષા અને સંસ્કૃતિનો ઋણી છું.'' લેખક એ લેખમાં 'જય જય ગરવી ગુજરાત' ગાવામાં આનંદની અનુભૂતિ પણ વ્યક્ત કરે છે.

અહીં પાંચેક વ્યક્તિચિત્રો પણ લેખકે શબ્દબદ્ધ કર્યાં છે. પ્રવાસવર્ણનોની તો ભરમાર કહી શકાય. ગુજરાત પોલીસના અનુભવ અંગે બે લેખ છે. તે ઉપરાંત પૃ. ૧૪૩ ઉપરનો લેખ ખ્રિસ્તી માસિક 'દૂત'ના તંત્રીપદેથી લેખકે લખેલા અગ્રલેખના ઊહાપોહ અંગેનો છે. 'ક્રૂસારોહણનો મારો અનુભવ.' એક તટસ્થ વાચક આવા ત્રણેક લેખને લેખકના 'કટુ' અનુભવની કક્ષામાં કદાચ મૂકી શકે. પરંતુ ઈસુસંઘી બ્રધર તરીકે અમદાવાદની સેન્ટ ઝેવિયર્સ કૉલેજમાં અભ્યાસ કરતી વખતે અન્ય વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ વચ્ચે પોતાના ઝભ્ભાના કારણે તેમને થયેલા



અનુભવો 'કૉલેજજીવનનાં મારાં સંસ્મરણો' (પૃ. ૩૧) લેખમાં તેમણે મૂકી દીધાં છે.

'''સાર ન્યૂઝ' સાથેના મારા દિવસો'' લેખ(પૃ. ૯૩)માં લેખક સમાચારસંસ્થામાં હિસાબકિતાબ માટે એક હોશિયાર હિસાબનીશને કામે રાખે છે. એમાં ગોટાળા જોતાં જાતે ગણિત શીખે છે, ને હિસાબ ચોખ્ખા કરે છે. આ લેખમાં અન્ય સહકાર્યકરોની ઈર્ષ્યા, ખટપટ વગેરેથી વ્યથિત થયા વિના કર્મના માર્ગે આગળ ધપીને તેઓ પોતાનો વિરોધ કરનારાઓને માફી આપીને પોતે સ્પષ્ટ રહે છે. લાંબું છતાં રસપ્રદ આ પ્રકરણ છે.

જૂન ૧૯૬૩ના ભરઉનાળામાં ગુજરાતમાં પગ મૂક્યા પછી ગુજરાતની ભૂમિ આ લેખકને આકર્ષતી રહી હોય, એવો ભાવ એમના શબ્દોમાંથી ટપકે છે. ૪૪ પ્રકરણોના આ પુસ્તકના પ્રારંભે જ તેમણે 'ગુજરાતનાં પ્રથમ સંસ્મરણો' લેખ મૂક્યો છે. જન્મભૂમિ કેરળમાં વીતેલા બાળપણ, ગામ-ઘરની યાદો, પિતાજીનું અવસાન, માતાનો પ્રેમ વગેરે બાબતોની અગાઉ તેમણે ગુજરાતનાં સંસ્મરણોની વાત કરી છે. ''....મારા અમુક સાથીદારો તો કેટલાય વિષયોમાં નાપાસ થયા હતા. એટલે અમારા ઉપરીએ એમને બધાને કૉલેજનો અભ્યાસ છોડાવીને અંગ્રેજી અને ગુજરાતી શીખવા માટે મોકલ્યાં'' (પૃ. ૨). આ વિધાનથી ઈસુસંઘી ધર્મગુરુઓના કઠિન વિદ્યાભ્યાસના અનોખા નેટવર્કનો ગ્રાફ લેખકે દર્શાવી દીધો છે. પ્રથમ પ્રકરણમાં વિવિધપ્રાંતી બ્રધરો સાથેના પોતાના સહજીવનમાં પોતે એમની સાથે એવા ભળી ગયા કે 'સહાધ્યાયી'ના બદલે લેખકે 'સાથીદારો' શબ્દ વાપર્યો છે.

બીજું અને ત્રીજું પ્રકરણ લેખકના ગામ-ઘરની યાદોથી સભર છે. ૪૨મા પ્રકરણ (પૃ. ૨૮૭) 'મૃત્યુમાં આનંદ'માં પિતાજીના અવસાનની વાત છે; જેનો સૂર ૨૫મા પ્રકરણ (પૃ. ૧૯૭)માં પણ સંભળાય છે. એ પ્રકરણ 'એક સફળ જિંદગી'માં લેખક પિતાજીની દફનવિધિના પ્રસંગને ટાંકીને કહે છે, ''બાપુજીના મૃત્યુના પૂરા અઠવાડિયા દરમિયાન દરરોજ બપોરથી મોડી સાંજ સુધી રોજ મુશળધાર વરસાદ વરસતો હતો. પરંતુ એ શનિવારે બે વાગ્યાથી રાખેલી દફનવિધિ દરમિયાન વરસાદને બદલે સૂરજ સોળે કળાએ પ્રકાશતો રહ્યો...'' પત્રકાર હોવા છતાં લેખકની હકારાત્મકતા અહીં દેખાય છે. જો કદાચ એ ટાણે વરસાદ પડ્યો હોત તોપણ લેખકે લખ્યું હોત કે, ''એ ઈશ્વરકૃપાનો વરસાદ હતો.'' લેખકનું હકારાત્મક વલણ જોતાં વાચક આ વાતે સંમત થશે.

આજે પણ માતાના હૃદયમાંથી નીતરતા પ્રેમની અને માતાની હિંમત, પ્રાર્થના ને સત્યની કેળવણીની વાત લેખકે 'મારી બા' પ્રકરણમાં કરી છે. 'યુવાનીનો એક હચમચાવી નાખનાર અનુભવ' (પૃ. ૧૯)માં જ ઈસુસંઘમાં જોડાવાનો નિર્ણય લેખક લઈ લે છે. વિદ્યાભ્યાસ, વાચન અને લેખનમાં લેખકની રુચિ બાળપણથી સ્થિર છે, એ પ્રકરણ-૬ (પૃ. ૩૧) તથા પૃ. ૩૭ ઉપરના 'શબ્દની શક્તિ અને સંઘર્ષ', 'રોમના ગ્રિગોરિયન વિશ્વવિદ્યાલયમાં' (પૃ. ૭૧) વગેરે લેખોમાં છતું થાય છે. 'લંડનમાં પત્રકારત્વનો અભ્યાસ' (પૃ. ૪૨) લેખમાં લેખક મૂળ ઉમરેઠના ગુજરાતી યુવાન નગીન પટેલના ઘરમાં મહેમાન બને છે. ભોજનખંડમાં પહોંચતાં અન્ય વાનગીઓ વચ્ચે માંસાહારની સામગ્રી પણ નિહાળીને આશ્ચર્ય વ્યક્ત કરે છે. એ વખતે નગીનભાઈનાં માતા જે કહે છે તેને 'દેશ તેવો વેશ' કહીને લેખકે દર્શાવ્યું છે. પોતાનો કોઈ અભિપ્રાય તેમણે મૂક્યો નથી.

પોતાના અંગત મિત્રો પૈકીના કેટલાક ધર્મસભાનો વિરોધ કરનારા હોવા છતાં લેખક

મિત્રતાને અવિચળ જ રાખે છે એ પૃ. ૯૦-૯૧ ઉપર એમણે દર્શાવ્યું છે. નવી દિલ્હીમાં 'સાર' ન્યૂઝ માટે સેવા આપ્યાના અનુભવો પૃ. ૯૩ ઉપરના લેખમાં વાંચવા જેવા છે.

૧૪ અને ૧૯મા લેખમાં ગુજરાતમાં અકસ્માત અને જેલના અનુભવની વાત કરતાં પૃ. ૧૩૭ ઉપર લેખક કહે છે, ''હું અકસ્માતની વિગતો આપતો હતો એ રીતે એફ.આઈ.આર. લખવા હેડ-કૉન્સ્ટેબલે ઘસીને ના પાડી...'' પોલીસે જે કલમો નોંધી હતી તેમાં લેખકે જાણીજોઈને ખતરનાક રીતે ગાડી ચલાવીને અકસ્માત કર્યો હોવાનો ઉલ્લેખ હતો. કૉન્સ્ટેબલે કહ્યું, ''કંસારમાં જેટલો ગોળ નાખશો એટલો કંસાર ગળ્યો થશે... તમારો કેસ અમારા હાથમાં છે... શું આપશો ?'' જરા પણ કાપકૂપ વિના લેખકે રજૂ કરેલા આ સંવાદોમાં ભૂખ્યાડાંસ ને ભ્રષ્ટ તંત્રનું ચિત્ર ઝિલાયું છે. પણ લેખક એવો કોઈ આક્ષેપ કરવામાંથી બચીને માત્ર સત્ય ને નીડરતાને વળગી રહ્યા છે, તે વાચક જોઈ શકશે. 'ક્રૂસારોહણનો મારો અનુભવ' (પૃ. ૧૪૩)માં 'દૂત' સામયિકના તંત્રીપદેથી લખાયેલા એક તંત્રીલેખના લીધે વહોરવી પડેલી નામોશીની સ્થિતિમાં પણ લેખકે જાળવેલી ખામોશીની વાત થઈ છે. સુરત જિલ્લાના કીમના પી. કે. દેસાઈ વિદ્યાલય ખાતે વાર્તાલાપની વાત પૃ. ૨૫૭ ઉપર આવે છે. આત્મકથા નહીં, પરંતુ આત્મકથાનક તરીકે પણ 'યાદગાર અનુભવો' પુસ્તક લખવા પાછળનો લેખકનો હેતુ ઈશ્વરકૃપાની સાર્વત્રિક વહેંચણીનો છે. ૪૪મા પ્રકરણ 'દૈવીકૃપાનો મારો ઇતિહાસ'(પૃ. ૩૦૪)માં ધર્મગુરુ બનવાની ઇચ્છાનું બીજ લેખકના મનમાં રોપાયાનો ઇતિહાસ ૧૯૫૨માં પોતાના મામાની દીક્ષાવિધિના પ્રસંગમાં પડેલો છે, એ લેખકે દર્શાવ્યું છે.

આંતરરાષ્ટ્રીય પત્રકાર હોવાના નાતે લેખકનું વિશ્વભ્રમણ આજેય જારી છે. અનેક પ્રવાસો તેમને આમંત્રિત કરનારી આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ તથા વિદેશમાં રહેતા પોતાના સંબંધીઓ – સન્મિત્રોના સૌજન્યથી પોતે કરી શક્યા છે, એવી નિખાલસ કબૂલાત પણ લેખકે તેરમા પ્રકરણ 'સાર ન્યૂસ' સાથેના મારા દિવસો (પૃ. ૯૩)માં કરી છે. પ્રકરણ-૫માં માઉન્ટ આબુ, ઇંગ્લૅન્ડ (પૃ. ૪૨), સંત ફ્રાન્સિસ ઝેવિયર અને સંત ઇગ્નાસના વતનમાં (પૃ. ૫૬), સ્વિટ્ઝર્લૅન્ડ(પૃ. ૬૪), રોમ (પૃ. ૭૧), કૅનેડા (પૃ. ૧૧૦), અમેરિકા (પૃ. ૧૧૬), પૉલૅન્ડ (પૃ. ૧૨૧), પૅરિસ (પૃ. ૧૫૦), લૂર્દ્સ (પૃ. ૧૫૭), ઇસ્રાયલ (પૃ. ૧૬૨) ઉપરાંત ઝિમ્બાબ્વે (પૃ. ૨૦૨), એરિત્રિયા (પૃ. ૨૦૭) વગેરે અનેક લેખોમાં લેખક મુક્ત મને અનેક દેશોમાં ભ્રમણ કરે છે, 'સાધુ તો ચલતા ભલા' ઉક્તિને સાર્થક કરે છે. પરંતુ એ ભ્રમણ દરમિયાન વચ્ચે વચ્ચે મળેલા યાદગાર માનવોનાં વ્યક્તિચિત્રો દોરવાનું એ ચૂક્યા નથી. ગુજરાતી કવિ સ્વ. મનહર મોદી (પૃ. ૨૮૩)થી માંડીને 'અમેરિકાનું એક યાદગાર મિલન' (પૃ. ૨૧૯), સ્ત્રી-મિત્રો (પૃ. ૨૯૨), સિસ્ટર આન્જેલા (પૃ. ૧૯૧) અને 'પ્રથમ ઓળખથી મનમાં વસી ગયેલો મિત્ર' (પૃ. ૮૮) જેવા કેટલાક લેખોમાં લેખક જેમને મળ્યા એ મળવા જેવા માનવો સાથે વાચકને પણ પરિચિત કરવા મથ્યા છે.

શબ્દો પાસેથી ધાર્યું કામ કઢાવવાની શક્તિ એ લેખકની એક અનિવાર્ય કુશળતા ગણાય. એ ન્યાયે જોતાં લેખકને એ વરી છે, એમ કહી શકાય. બિનગુજરાતી હોવા છતાં ગુજરાતી ભાષા પરત્વેનું એમનું ખેંચાણ વિશિષ્ટ પ્રકારનું છે. પૃ. ૪૩ ઉપર બીજા ફકરાની બીજી પંક્તિમાં લેખક 'સુંવાળું' વિશેષણ કઈ રીતે વાપરે છે, તે જુઓ : ''બહાર છ વાગ્યે દીક્ષાવિધિ શરૂ થઈ. બધી તૈયારી અને ભગવાનના આશીર્વાદથી સમગ્ર વિધિ ખૂબ સુંવાળી રીતે ચાલી.'' પોતાના વિશે કહેવા બેસે તો માણસની જીભ કદી ન અટકે, એ દૃષ્ટિએ તપાસીએ તોપણ આત્મકથાનકો



જેવા લોભામણા સ્વરૂપમાંય લેખકે સારું એવું લાઘવ દાખવ્યું છે; બલકે 'બીજાનો વિચાર કરીએ' એવો લેખ લખનારા આ લેખકે વાચકના સમયનો પણ વિચાર કર્યો છે ! અલબત્ત, પોતાનાં અન્ય પુસ્તકોમાં આવી ગયેલા ત્રણ-ચાર લેખોને આ પુસ્તકમાં સમાવવાનો મોહ લેખક જતો કરી શક્યા નથી. પાકા પૂંઠાના, આકર્ષક કવરપેજવાળા, સવા ત્રણસો પાનાંના આ પુસ્તકનું સુરેખ મુદ્રણ પણ વાચકને ખેંચશે. ઘણા સ્થળે રહી ગયેલી પ્રૂફવાચનની ક્ષતિઓ ખટકે એવી ખરી. 'રંગદ્વાર' પ્રકાશને જે માવજત કે કાળજીથી પુસ્તક વાચકના હાથમાં મૂક્યું છે તે પ્રશંસનીય છે. એટલે, નિર્દંભપણે, નિર્ભીકપણે અને નિખાલસપણે 'લાગ્યું તે લખ્યું'ની માફક લેખકે રજૂ કરેલા જાહેર-અંગત સ્વાનુભવોનું બયાન ગુજરાતી વાચકને ગમશે.